સીરીઝ ૬. કાર્યાલય ક્રમાંક ૩.

માર્ગાનુસારીનું સ્વરૂપ

ભાગ ૧ લો.

પ્રકાશક,

ઘેલાભાઈ પ્રાણલાલ શાહ

ઓ. મેનેજર: શ્રી જૈન સસ્તુ સાહિત્ય પ્રચારક

કાર્યાલય-કુશાળ.

પ્રત ૭૫૦ સંવત ૧૯૮૪

પ્રથમાવૃત્તિ સને ૧૯૨૮

મૂલ્ય ૦-૪-૦

મુદ્રણસ્થાન: સાહિત્યમુદ્રણાલય, રાયખડ: અમદાવાદ.

મુદ્રક: મૂળચંદ ત્રિકમલાલ પાઠક.

[illegible] યુવકોને-

કેળવ્યો પુરૂષાર્થ નહિ તો, જીંદગી શા કામની ?
સેવક થઈ સેવા ન કીધી, જીંદગી શા કામની ? ૧
મહમદગીઝની ક્રુરતાથી, દ્રવ્ય સંચી ક્યાં ગયો ?
મનુષ્ય હત્યાકાંડ ને, પુરૂષાર્થ શું તેને ફળ્યો ? ૨
નાદિરશાહના દોરને, જુઓ જરા તો યાદ કર;
સ્વાર્થની સરિતા વહાવી, જીવન ખુનના ઢગપર. ૩

ખરો પુરૂષાર્થ કયો ?

શુદ્ધ મહાવીર ઉતર્યા, પુરૂષાર્થમય આનંદિને;
હંકારીઆ જગ લોકને, આપભોગી થઈ ને જીંદગી; ૪
ગાંધી અને વિર ગોખલેની, દેશસેવા [illegible];
તે જીવન અણમૂલ છે, પુરૂષાર્થમય હો જીંદગી. ૫
નિજ કુટુંબ દેશ પરમાત્મસેવા, કાજ જીવ દીધો ખરે;
શાસન દિવાકર આજ ગણું કે, નક્કી આ ભુતલ પરે. ૬
મનુ જીંદગીનું સત્ય શેમાં, જો તમે પૂછો અરે;
સેવા કરો સૌ પ્રાણીની, પ્રભુ તેજ પૂર્ણ આપરે. ૭
જીંદગીનું સત્ય એ છે, વળી આત્મનો વિકાસ છે;
પ્રેરવા પ્રાર્થો પ્રભુને, આદર્શમય તમ જીંદગી ૮

* * * *

પુરૂષાર્થમય આ જીંદગીની, એક ક્ષણ ને એક પળ;
અંકિત કરે ના મૂલ્ય કોઈ, જીંદગી તે દેવ સમ.

ઘ. પ્રા. શાહ.

માર્ગાનુસારીનું સ્વરૂપ.

(માર્ગાનુસારીના ૩૫ બોલ.)

ભાગ ૧ લો.

(૧) પ્રશ્ન–માર્ગ એટલે શું ?

ઉત્તર–માર્ગ એટલે રસ્તો. જે ખરાબ સ્થાને લેઇ જાય તે કુમાર્ગ કહેવાય છે, અને જે સારે સ્થાને લેઇ જાય તે સુમાર્ગ કહેવાય છે. કુમાર્ગ દુઃખનું કારણ છે, અને સુમાર્ગ સુખનું કારણ છે. હિંસાદિ અઢાર પાપ તે કુમાર્ગ અને અઢાર પાપનો ત્યાગ તે સુમાર્ગ છે.

(૨) પ્રશ્ન–માર્ગાનુસારી એટલે શું ?

ઉત્તર-જે માર્ગને અનુસરે, જે માર્ગ ઉપર ચાલે તેને માર્ગાનુસારી કહે છે.

(૩) પ્રશ્ન–સુમાર્ગના કેટલા પ્રકાર છે ?

ઉત્તર–ગુણોની વૃદ્ધિ પ્રમાણે સુમાર્ગના અનેક પ્રકાર છે. તેની મુખ્ય ચાર અવસ્થા છે–(૧) નીતિધર્મ

(૨) સમકિત ધર્મ (૩) શ્રાવક ધર્મ અને (૪) સાધુ ધર્મ. આ ચારમાં ઉંચુ પદ લેનારમાં નીચેના સદ્ગુણો અવશ્ય જોઇએ.

(૪) પ્રશ્ન–નીતિધર્મમાં દાખલ થવાના કેટલા ગુણ છે ?

ઉત્તર–પાંત્રીશ છે. તેને પાંત્રીશ માર્ગાનુસારીના ગુણ કહે છે. તેથી નીતિમય જીવન બને છે અને તે સમકિત ગુણને પાત્ર થઇ શકે છે.

(૫)પ્રશ્ન–માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો કયા કયા છે ?

ઉત્તર–(૧) ન્યાયસંપન્ન ધન–ન્યાયથી મેળવેલ દરેક વસ્તુ હોય. અન્યાયથી કંઇ પણ ન મેળવે. ધન એટલે દરેક આવશ્યક વસ્તુ સમજવી. મકાન, પૈસો, ખાવા પીવાના પદાર્થ, કપડાં, ઘરેણાં, યશોકીર્તિ, પશુ, દાસ દાસી વિગેરે (સચિત ધન એટલે સચિત વસ્તુ અને અચિત ધન એટલે અજીવ વસ્તુ)

(૧) અસત્ય વચન, કપટ, દગો, મર્યાદાથી વધારે નફો લેવો, હિંસક વ્યાપાર, દેશ તથા ધર્મને બાધક વ્યાપાર વિગેરે અન્યાય છે.

(૨) જરૂરીઆતથી વધારે રાખવું તે અન્યાય છે.

(૩) કોઇને પહેલાં અગર પછી નુકશાન કરી મેળવેલ ધન અન્યાય છે.

(૨) સાત કુવ્યસન ત્યાગ-(૧) જુગાર (૨) ચોરી (૩) પરસ્રી (૪) વેશ્યા (૫) દારૂ (૬) માંસ (૭) શિકાર.

(૩) અભક્ષ્ય ત્યાગ-જેમાં ત્રસ જીવ પ્રાયઃ કરી ઉત્પન્ન થતા હોય અથવા જે ખાવાથી વિકાર ઉત્પન્ન થાય તેવા પદાર્થ અભક્ષ્ય છે.

(૪) સમાન ગુણવાળા સાથે સંબંધ કરે-

(૧) બાળવયમાં સુશીલ બાળકો સાથે રમત રમે.

(૨) યુવાન વયમાં સદાચારી ધર્મ પ્રેમી સાથ મૈત્રી કરે. લગ્ન સંબંધ કરે તો ગુણ, જ્ઞાન, સદાચાર ધર્મ, પ્રકૃતિ, આરોગ્ય અને કુળ વિગેરે સમાન અને ઉત્તમ જુએ.

(૩) વૃદ્ધાવસ્થામાં નિંદા, ગપ્પાં, વિગેરે મિત્ર મંડળ છોડી ધર્મ વાંચન કરનારાની સેવામાંજ રહે.

(૪) બધી વયમાં ઉત્તમ ધર્મગુરૂ તથા ધર્મ વાંચન મનનથી સુસંગતિ રાખે.

(૫) પાપ ભીરૂતા-સદા પાપથી ડરે. ખરાબ કામ કદી કરે નહિ. એકાંતમાં પણ પોતાનો આત્મા તથા અનંત સિદ્ધ પરમાત્મા દેખે છે. જેવી રીતે ઝેર દેખીને ખાય કે દેખ્યા વિના ખાય પણ મરણ તો નીપજે તેવી રીતે પાપ ગુપ્ત કરો કે પ્રગટ પણ તેનાં ફળ તો અવશ્ય ભોગવવાં પડશે.

(૬) દેશાનુસાર વર્તન-દેશનું હિતકલ્યાણ થાય તેવું ધર્મયુક્ત વર્તન રાખે, આજ હિંદુસ્તાનમાં કરોડો મનુષ્યો અડધા ભુખ્યા સુવે છે તો એશઆરામ તથા ફજુલ ખર્ચ કરવાં તે નીતિ ધર્મના ભંગનું કારણ છે.

(૭) પરનીંદા-બીજાના સાચા દોષો તેની પીઠ પાછળ કહેવા તેને પરનિંદા કહે છે.

(૧) બીજાના દોષ બોલવાથી તે દોષ આપણામાં દાખલ થાય છે.

(૨) પરસ્પર દ્વેષ વધે છે.

(૩) મન અને વચનની એવી શક્તિ છે કે સામો ધણિ હજારો ગાઉ દૂર હોય છતાં વૈર ઉત્પન્ન કરે છે.

(૪) વગર પાપ કર્યે દુર્ગતિમાં જવાનો સહેલો ઉપાય પરનિંદા છે.

જે લોકો સારૂં વાંચન મનન નથી કરતા તેમને નવરા બેઠાં પરનિંદા સુઝે છે માટે નવરા ન રહેવું.

(૮) ઘણાં દ્વારવાળું ઘર ન રાખે-જેથી ચોર આદિનો ભય ન રહે. કોઈ ગુપ્તપણે કુમાર્ગે ન જાય તથા ઘણાં આશ્રવ કર્મ આવવાના કામ ન કરે.

(૯) સારો પાડોશ રાખે-જેથી લડાઇ વિગેરે ન થાય તથા ચારિત્રમાં દોષ ન આવે. બધા પ્રસંગોમાં સત્સંગ રાખે જેથી સદ્ગુણો વધે, અને દુર્ગુણો ઘટે.

(૧૦) અતિ ગુપ્ત તથા અતિ પ્રગટ વાસ ન કરે-અતિ ગુપ્તમાં ભય યા અકસ્માતના વખતે બચાવનાર ન મળે તથા દુરાચારનો ભય છે, અને અતિ

પ્રગટમાં જ્યાં ત્યાં નજર જઈ અનેક બુરી વાસના વધે, મન ચંચલ થાય.

(૧૧) ગુણીજનનીજ સંગતિ કરે-વ્યાપાર કરવો, ફરવા જવું, મિત્ર રાખવા, વાતચીત કરવી, વિશ્રામ લેવો, મુસાફરી કરવી, પાડોશમાં રહેવું વિગેરે બધા કામમાં ગુણીજનનીજ સંગતિ કરે; કારણ સોબત તેવી અસર. અફીણના છોડને પાયેલ પાણી વિષ બને છે અને શેરડીના વાડને પાએલ પાણી મીઠું થાય છે. ગંગા નદીનું પાણી બહુ મીઠું છે છતાં દરીયામાં મળતાં ખારૂં થાય છે. ગટરમાં નાખવાથી ગંદુ બને છે. માટે હંમેશાં સત્સંગમાં રહેવું.

(૧) જ્ઞાન અને ચારિત્રયુક્ત સદ્‌ગુરૂની અમૃત વાણી સાંભળવી, હિતશિક્ષા ગ્રહણ કરવી તે શ્રેષ્ટ સત્સંગ છે. આવો સત્સંગ અવશ્ય કરે.

(૨) જ્યારે સદ્‌ગુરૂનો સમાગમ ન હોય ત્યારે તેવાજ ઉત્તમ પુરૂષનું નૈતિક, ધાર્મિક અથવા તત્ત્વનું

પુસ્તક એકાગ્રતાથી વાંચવું, મનન કરવું તે પણ શ્રેષ્ટ સત્સંગ છે.

(૩) છેવટે સુશીલ મિત્રો સાથે પરનિંદા, ગપ્પાં છોડી ધાર્મીક નૈતિક, તથા જીવન સુધારે તેવા પવિત્ર વિચારોની આપ લે કરવી તે સત્સંગ છે પરંતુ કદી પણ કુસંગમાં ન પડવું.

(૪) ચારિત્ર વિનાના મનુષ્ય અથવા નોવેલ અને તેવાંજ નકામાં મગજને વિકારી કરનાર વાંચનો, નાટકો, સીનેમા વિગેરે કુસંગ છે. તલવાર શરીરને કાપે છે જ્યારે કુસંગ આત્માને છિન્નભિન્ન કરે છે માટે સદા કુસંગ છોડી સત્સંગી થવું જોઇએ.

(૧૨) વિનયવાન-અભિમાનરહિત આત્મા અનંત જ્ઞાન, દર્શન, સુખ શક્તિયુક્ત છે તો તુચ્છ વસ્તુની પ્રાપ્તિમાં ગર્વ શાને કરૂં ! એમ વિચારી સદા વિનયવંત રહે. શરીર, બળ, રૂપ, ધન, સત્તા અને વૈભવ આત્માની વસ્તુ નથી. બધી જડ વસ્તુ છે અને આત્માએ તેને અજ્ઞાનથી પોતાની માની છે. કોઇની

ટકી નથી. રાવણ જેવા ત્રણ ખંડના મહારાજા અને અનેક ચક્રવર્તિ બધું છોડી ગર્વથી નરકમાં ગયા છે માટે સદા ગર્વ–અભિમાન–અહંકાર છોડી વિનયવાન થાય.

વધારે ગુણી પ્રતિ ભક્તિ, સમાન સાથે મૈત્રી અને નાનાં સાથે પ્રેમ રાખે એટલે ગુણ ગ્રહણ કરે. મીઠાશથી હિતશિક્ષા આપે. વિનયના પાંચ પ્રકાર છે.

(૧) જ્ઞાન વિનય–હંમેશાં કંઇક પણ સારૂ જ્ઞાન અવશ્ય શીખે, વાંચે, જ્ઞાનીની સંગતિ કરે તથા વિનય ભક્તિ કરે.

(૨) દર્શન કરી વિનય–જેથી વિવેકબુદ્ધિ પ્રગટે, સારી સમજણ થાય તેવી ભાવના ભાવે તથા તેવા ઉત્તમ આત્માઓની વિનય ભક્તિ કરે તથા સંગતિ કરે, સમકિત ભાવના ભાવે.

(૩) ચારિત્ર વિનય–પોતે કંઈક પણ જે સારૂં સમજે તે વર્તનમાં મુકે, દોષનો ત્યાગ કરી સદ્ગુણ ધારણ કરે તથા ચારિત્રશીલ પુરૂષની વિનયભક્તિ કરે તે ચારિત્ર વિનય છે.

(૪) તપ વિનય-સ્વયં ઇચ્છાને દાબું, બુરી વાતની ઇચ્છા ન થવા દેવી તે તપ વિનય, તપસ્વી પુરૂષોની વિનય ભક્તિ કરે.

(૫) વ્યવહાર વિનય-મોટા આવે એટલે ઉભા થવું. જાય એટલે પહોંચાડવા જવું. ગમે તે આવે તેને આદર આપવો. "પધારો" તેમ કહેવું. શી આજ્ઞા છે ? વિગેરે પુછવું. બોલાવે કે, "જી હાજર" વિગેરે વિનયના શબ્દથી ઉત્તર આપવો. ઉઠીને માતા, પિતા, વડિલ, કુટુંબીઓને પગે લાગવું. મોટેરા ઉંચે શબ્દે કહે તે શાંતિથી સાંભળી ધીમેથી હાથ જોડી કહેવું કે "મારી ભૂલ થઇ માટે ક્ષમા કરો." હવેથી ધ્યાન રાખીશ. કદિ પોતે ભૂલ ન કરી હોય તો તે વખતે શાંત રહી બીજે સમયે વિનયપૂર્વક વાત કરવી વિગેરે વિનય તે વ્યવહાર વિનય છે.

વિનય ધર્મનું મૂળ છે અને વિનયથી વિદ્યાની પ્રાપ્તિ થાય છે. વિનયગુણ બહુ મોટો છે. તેનામાં બધા ગુણો ગ્રહણ કરી શકાય છે. વિનય તે વશિકરણ

મંત્ર છે. ગમે તેવો ક્રોધી પણ વિનયથી શાંત થાય છે, માટે સદા શુદ્ધભાવે કપટ રહિત, લાલચ રહિત, વિનય કરવો એ નૈતિક જીવનનું ઉત્તમ લક્ષણ છે.

(૧૩) ભયવાળા સ્થાનનો ત્યાગ કરે— નકામુ જોખમ ન ઉઠાવે. ઓળખાણ વિના સાથ ન કરે, ઓળખાણ વિના નાણાં ન ધીરે. દયા ભાવથી આપી દે પણ વેપાર ખેડવા જોખમનું કામ ન કરે. ઉંડા પાણીમાં પરીક્ષા કરવા ન ઉતરે, ખોટું સાહસ કરી કોઈ વસ્તુ ઢોળાઈ જાય કે પોતાને ગંભીર હાની થાય એવું કામ ન કરે. જે મકાન પડે તેવું હોય યા ચોરાદિનો ભય હોય ત્યાં વિસામો લેવા ન રોકાય વિગેરે ભયના સ્થાન એટલે પ્રસંગ હંમેશાં છોડે.

(૧૪) ઉપજ ખર્ચનો હિસાબ રાખે—

(૧) કમાણી થાય તેમાંથી ઓછામાં ઓછો ચોથો ભાગ ($\frac{૧}{૪}$) પરમાર્થ સારા કામમાં ખર્ચ કરે.

(૨) ચોથો ભાગ ભવિષ્યની પ્રજાને વિદ્યાદાન

આપવા (ભણાવવા) તથા વૃદ્ધાવસ્થા આદિ કામો માટે સાચવી રાખે.

(૩) પેદાશના અર્ધા ભાગમાં જરૂરી ખર્ચ કરે અને કરકસરથી કામ લે. એ ચીજની જરૂરીઆતમાં એકથી ચલાવે, કારણ દશ ચીજ ખાય તો પણ પેટ ભરાય છે. ઘણી વસ્તુઓ ખાવાથી કંઇ પણ લાભ નથી, કેવળ રોગ વધે છે ને જલદી પરલોકમાં જવુ પડે છે. વળી વધારે ખર્ચ કરતાં વધારે કમાવું પડે છે ને તે ન મળે તો અનીતિ સુઝે છે. માટે સદા કરકસરવાળું, સાદુ, સ્વાવલંબી, નિરાભિમાની જીવન રાખવું. ખાવાની જેમ પહેરવાનાં કપડાં, રહેવાનાં ઘર ને લોકરિવાજમાં ખોટી શોભા તત્કાળમાં ને ભવિષ્યમાં દુઃખોથી ભરપુર છે; અજ્ઞાનતાથી ક્ષણભર સારી લાગે છે. જેમ સોજા ચઢેથી શરીર જાડુ દેખાય તથા સન્નિપાત થતાં શરીરમાં બળ આવે તે સુખ માટે નહિ પણ દુઃખ માટે છે, જીવન વધારવા માટે નહિ પણ જીવનનો અંત લાવવાનાં ચિન્હ છે. તેવી રીતે ઉડાઉ

ખર્ચ, એશઆરામ, નાટક ચેટકના ખર્ચ, મોટા લગ્નસરાના ખર્ચ, નાત જાત જમાડવાનાં ખર્ચ, હોટલ અને ઘેર બહુ સ્વાદ લેવાનાં ખર્ચ, ફેન્સી કપડાં ને રેશમી વસ્ત્રોનાં ખર્ચ, બીન જરૂરીઆત તથા દુઃખવર્ધક જાણી ન કરે.

જે દેશમાં આશરે વસ્તીનો આઠમો ભાગ ચાર કરોડ માણસને રોજ ભુખ્યા સુવું પડે છે ત્યારે ત્યાંના દેશબંધુઓ એશઆરામ કરે, ઉડાઉ બને અને ઘોર પાપ કરે છે, અનીતિ કરે છે. ૧. મોજમજામાં ખર્ચ કરનારનું જ્ઞાન તે સોજા ચઢેલ કે સંન્નિપાત થયે શરીર સુધર્યાનું માની ખુશી થવા જેવું અજ્ઞાન છે. ૨. નીતિવાન બનવાની ઇચ્છાવાળાએ પોતાની બધી શક્તિ અને સંપત્તિ સુશિક્ષા અને સદાચારની વૃદ્ધિમાંજ ખર્ચ કરવી જોઇએ. માર્ગાનુસારી જીવ પણ કરકસર કરી બધી બચત સુયોગ્ય સુવ્યવસ્થાપક દ્વારા પરોપકારમાં ખર્ચ કરાવે.

સાદાઇ અને કરકસરથી જે ખર્ચ ઘટે અને પૈસો

બચે તે નવો કમાયા બરાબર છે. " A Penny saved is a Penny got. એક પાઈ બચાવી તે એક પાઇ કમાવા બરાબર છે. વળી ઉપજ ખર્ચના હિસાબમાં પુણ્ય પાપનો હિસાબ રાખવાનું પણ આવી જાય છે. પોતે મનુષ્ય થયો છે તે મનુષ્ય જન્મ મુખ્ય ચાર ગુણો (૧) સત્ય, (૨) વિનય, (૩) દયા-વિવેક પૂર્ણ અહિંસા અને (૪) ગુણાનુરાગ (ઇર્ષાનો ત્યાગ) ધારણ કરવાથી મળેલ છે. એમાં એક પણ ગુણ ન હોય તો મનુષ્યભવ મળતો નથી. હવે પોતે તે ચાર સદ્‌ગુણ બરાબર ધારણ કરે છે કે કેમ તેનો હિસાબ રોજ રાત્રે તપાસે. જો એક પણ ગુણ અધુરો હશે તો પશુમાં જન્મ થશે ને દુર્ગુણો વધશે તો નરક ગતિ તૈયાર છે. આવો વિચાર કરી સદ્‌ગુણોથી અહીંજ શાંતિ, નિર્ભયતા, ઉન્નતિના લાભો ને પર-ભવમાં દુઃખથી બચવાનું વિચારી સદા તેને ધારણ કરે. જો ચાર સદ્‌ગુણથી બીજા અનેક ગુણો વધે તો કમાણી થઇ સમજવી ને તે ગુણો કાયમ રહે તો મૂળ પુંજી

ની સમજવી. ને તે ગુણો ઘટે તો ખોટ સમજવી. ખોટ ખાનારની શી દશા થાય છે તે વિચારી કદી ખોટ પડે તેવું કામ ન કરે તે જ સદ્ધર વેપારી ગણાય છે. રોજ રાત્રે સુતા પહેલાં આખા દિવસનાં કામો વિચારી દોષો માટે અંતઃકરણથી પશ્ચાત્તાપ કરી તે દોષ સેવન કરાવનાર વાસનાને ધિઃક્કારી, નીંદી તે નાશ થાઓ તેમ પાંચ દશવાર ચિન્તવન કરી સદ્‌ગુણ પ્રગટ થાઓ, સદ્‌ગુણ પ્રગટ થાઓ તેવું ચિંત્વન કરવું.

(૧૫) ઉચ્ચીત વસ્ત્ર, આભૂષણ રાખે—

(૧) જે ચીજ વિના ન ચાલે, જે બહુ જરૂરી હોય, જે ભવિષ્યમાં કામ આવે તેવી હોય તેજ ચીજો, તેવાં ઘરેણાં ને તેવાં કપડાં રાખે. દાખલા તરીકે એક લાખ રૂપીઆનું ધન હોય તે બધું વેપારમાં જ હોય અને કાંઇ જોખમ લાગે તો તદ્દન નિર્ધન થાય જેથી અમુક રકમનું ઘરેણું વગેરે રાખે. જે વિપત્તિમાં કામ લાગે વળી જે ઘરેણાંની ઘડાઇ બહુ લાગે, માત્ર ફેન્સી કરવા માટે તેવા બનાવે તે અનુચિત

ઘરેણું કહેવાય. તેમ જે વસ્તુ વેચવાથી કે ફાટવા તુટવાથી તદ્દન નકામી જેવી થાય છે–જેવાં કે કાચના ફરનીચર કે ફેન્સી કપડાં વિગેરે અનુચીત (અયોગ્ય) કહેવાય છે.

જે કપડાં ફાટયા પછી ગરીબોને કામ આવે યા ગોદડાં થાય, જે દાગીના ગમે ત્યારે પુરાં નાણાંથી વેચી શકાય, જે ત્રાંબા પીત્તળ કે લાકડાની ચીજો ભાંગે તોય વેચવાથી પોંણી કીંમત ઉપજે તેને ઉચિત્ત સાધન કહે છે. પ્રાચીન કાળમાં ભારતમાં ઉચિત ખર્ચ હતા તો આ દેશ ધન, ધાન્ય, ઋદ્ધિ, સમૃદ્ધિ, ધર્મ દાન, પુણ્ય અને સ્વતંત્રતામાં શ્રેષ્ટ હતો. આજે નકામી શોભાનાં ખર્ચ વધારવાથી આ દેશમાં નિર્ધનતા, પરતંત્રતા, ચીંતામય જીવન અને ધર્માંધતા (ધર્મનો ખોટો–અજ્ઞાનપૂર્ણ મોહ) વિગેરે દોષો ઉત્પન્ન થાય છે.

હજુ જરૂરીઆત ઘટાડી શ્રમમય જીવન, સંયમ, બ્રહ્મચર્ય, સુશિક્ષા, વ્યસન માત્ર ત્યાગ, સંપ, પુરૂષાર્થ ધર્મ, પ્રેમ, આદિ સદ્ગુણો પ્રગટ કરવામાં આવે તો

જેમ સારી દવા અને પથ્ય પવનથી ફરી આરોગ્ય મળે છે તેમ ભારત પુનઃ સુખી થઇ શકે અને અત્યારે સુર્યના અસ્ત પામવાના જેવો જે પ્રકાશ છે તે સુરમ્ય પ્રભાતમાં ઉગતા સુર્યનાં સુવર્ણ કીરણોમાંથી ઝરતો આલ્હાદજનક મધુરો પ્રકાશ થશે.

(૧૬) શાસ્ત્ર શ્રવણમાં એકાગ્રચિત્ત રાખે— સદ્દગુરૂ પાસે યા સદ્દગુરૂના લખેલ વચન યા છાપેલ એકાગ્રતાથી હમેશાં સાંભળે અથવા વાંચે અને મનન કરે જેથી અનેક દુઃખો, ધૈર્ય અને સુબુદ્ધિથી ક્ષણમાં નાશ થઇ જાય અને સત્યમાર્ગ મળતો રહે.

જેમ ભોજન, પાણી અને હવા શરીરને પોષણ આપનાર ખોરાક છે, તેમ આત્માને પોષણ કરનાર જ્ઞાન છે.

" ज्ञानामृतं भोजनं " જ્ઞાન એજ અમૃત ભોજન છે. બીજા ભોજનની તૃપ્તિ છ કલાકે, ચોવીશ કલાક ટકે છે. જયારે જ્ઞાન ભોજનની તૃપ્તિ અનંતકાળ, અક્ષય રૂપે કાયમ રહે છે, માટે સત્યજ્ઞાન આત્મજ્ઞાન પ્રાપ્ત

કરવા હંમેશાં વચન યા શ્રવણ રાખવું જરૂરી છે. આટલા માટે સમાયિકાદિ નીયમો નિશ્ચિત કરેલા છે. જેમાં આવાં કાર્યો શાંતિથી થઈ શકે છે.

(૧૭) યોગ્ય વખત યોગ્ય આહાર કરે—જ્યારે પુરી ભૂખ હોય ત્યારે બરાબર ચાવીને કરેલ સાદું ભોજન બહુ ફાયદાકારક થાય છે અને ભૂખ વિના જમેલ ભોજન રોગની ઉત્પત્તિ કરે છે. હંમેશાં સાદું ભોજન ભૂખ હોય એથી થોડું ઓછું કરે તો કદી પેટમાં રોગ થતો નથી ને પેટના રોગ વિના શરીર સદા નિરોગી રહે છે. કારણ બધા રોગનું મૂળ પેટ છે. જેમ વૃક્ષોનો આધાર મૂળીયાં પર છે, તેને પાણી મળે તો ફળફૂલ પાંદડાં ભરપૂર આવે છે, અને મૂળ સડે તો આખું વૃક્ષ નાશ પામે છે. મીલજીનમાં બોઇ-લર બગડે તો બધા સાંચા બંધ થાય છે તેમ સૌથી પહેલાં રોગ પેટમાંથી શરૂ થાય છે. વધારે ખાય, ભારે ખોરાક (બહુ ઘી, મેંદો, મીઠાઇ) ખાય, બહુ મસાલાવાળી ચીજો (ફરસાણ, ભજીયાં, વડાં, કચોરી

સેવ, દાળ પકોડી વગેરે) ખાય, તો હજારો રોગ દાખલ થઇ જાય છે. જેમ જરા અગ્નિ લાગતાં ઘર ચોમેરથી સળગી ઉઠે તેમ એક રોગ લાગુ પડતાં અનેક રોગ દાખલ થાય છે. આજે જનસમાજ બહુ રોગી થાય છે તેનું કારણ ખાવા પીવામાં સંયમ નથી. ગામડાના લોકો રોટલા છાસ અને કઢી ખાય છે તો નિરોગી રહે છે. શહેરના ધનવાન કુટુંબો બહુ ખાય છે તો ડોકટરના ચાલુ ઘરાગ રહે છે, કડવી ને ગંધાતી દવાઓ પીવાના દુઃખ ઉપરાંત પૈસાનો નાશ, શરીરનો નાશ, સુખનો નાશ, આયુષ્યનો નાશ, અને અનેક જીવોની હિંસાની દવાઓ ને રસો ખાઇ ધર્મનો નાશ કરી તે બીચારા જીભના સ્વાદના કીડા અહીં ઘણું દુઃખ ભોગવી દુર્ગતિમાં ચાલ્યા જાય છે વળી તેમની પ્રજા પણ તેવાં રોગી, ક્ષીણ, વીર્ય–રજની, તેવી માંદી, રોતડ, નિરૂત્સાહી, વ્યસની થાય છે અને પોતે દુઃખી થવા ઉપરાંત ભવિષ્યની પ્રજા અને દેશને હાનિકર તે જીવ થાય છે માટે વાચક બંધુ અને બ્હેન! આજથી

ખાવાપીવામાં ખુબ વિચાર રાખે. બધી કરોડો દવાની એકજ દવા બધા ડોકટરો અને વૈદ્યોએ મંજુર કરી છે કે ‘ પુરી ભૂખ લાગે ત્યારે જરૂરથી થોડું ઓછું, સાદુ ભોજન ખાવું એજ આરોગ્યનું મૂળ છે” અને “ ભૂખ વિના જમવું તે રોગને ગ્રહણ કરવા બરાબર છે ”. સંયમ રાખવાથી ખર્ચ ઘટશે, જરૂરીઆતો ઘટશે, રોગ ઘટશે, પાપ ઘટશે અને આરોગ્ય, બુદ્ધિબળ, આયુષ્ય અને અનેક સુખો મળશે.

(૧૮) વખતનો હંમેશાં સદુપયોગ કરે—

(૧) જીવનની એક ક્ષણ પણ કરોડો સોનામહોરો આપવાથી પણ મળી શકતી નથી તેવા અમૂલ્ય વખતને નકામો ગુમાવવા બરાબર બીજી કઇ હાનિ છે?

(૨) સદ્દભાગ્યનો પિતા સુપુરૂષાર્થ અને માતા અચલ શ્રદ્ધા (અવશ્ય કાર્ય સિદ્ધિ થશે એવો નિશ્ચય) છે.

(૩) જીવન રૂપી ખજાનો છે, કલાકો તેની તીજોરીઓ છે, અને પળ (ક્ષણ) તેમાંના કિંમતી હીરા

ડાહ્યા માણુસો કિંમતી હીરો ખોવા કરતાં એક
ક્ષણ નકામી જાય તેને વધારે હાનિકારક સમજે છે.

(૪) રત્નથી કાગડો ઉડાડનારને રત્નની ખબર
પડ્યાથી પશ્ચાતાપ કરવો પડે છે તેમ વખતને ખાવા
પીવામાં, એશઆરામ, નિંદા, ગપ્પાં અને ઉંઘમાં વ્યતીત
કરનારને મરણ સમયે પશ્ચાતાપ થાય છે.

(૫) જેટલું આપણું જીવન સત્કર્મમાં ગયું હોય
તેટલું ખરૂં જીવન છે બાકી નકામું છે. વરસાદનું
જેટલું પાણી આપણા ઘડામાં ભરાણું તેજ આપણું છે,
બાકી વહી ગયું છે. આ પ્રમાણે વખતને અમૂલ્ય
સમજી દરેક ક્ષણનો સારામાં સારો ઉપયોગ કેમ થાય
તેની ચિંતા રાખવી જોઈએ. આજ ભારતમાં અનિય-
મિતતા અને વખતનો દુરૂપયોગ વધી ગયાં છે અને
એ દોષની છાપ મજબૂત થતી જાય છે તે સુધારવાની
જરૂર છે. અંગ્રેજ લોકો કહે છે કે–"Time is money"
વખત એ ધન છે. જેમ ધન ખર્ચતાં વિચાર કરે,
નકામું ન જવા દે તેમ વખતને ગણે છે. આપણાં

ધર્મશાસ્ત્રોમાં એથી પણ વધુ શિક્ષા છે. " समयं गोयम मापमायए "—હે ગૌતમ! એક ક્ષણ પણ પ્રમાદ કરીશ નહિ, તારૂં આત્મહિત ભૂલીશ નહિ. હવેથી દિનચર્યા (ટાઇમ ટેબલ) નક્કી કરી કામ કરતાં શીખવું જરૂરી છે. આથી જે કામ એક મહિનામાં પુરૂં નહિ થતું હશે તે એક અઠવાડીયામાં સુગમતાથી થઇ જશે.

(૧૯) ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરૂષાર્થમાં વિવેકી—અર્થ એટલે ધન સંપત્તિ અને ભોગ એટલે શરીરની જરૂરીઆતોમાં વિવેકી હોય જે વિના નજ ચાલે ત્યાં ન્યાય નીતિ અને ધર્મરક્ષા પૂર્વક પ્રવૃત્તિ કરે.

અર્થ એટલે કામનું, જરૂરી વસ્તુ મેળવે તે અર્થ એટલે ધન છે. બાકી વિકાર છે, રોગ છે. ભોગ એટલે ઇંદ્રિયોના ભોગ ખૂબ કરે એવો અર્થ કરનાર અર્થનો અનર્થ કરે છે. ભોગ શબ્દ મુંજ ઉપરથી બન્યો છે. શરીરના વપરાશની ચીજ માત્ર ભોગ છે. મકાન, કપડાં, ભોજન વિગેરે સ્ત્રી સમાગમ કંઇ નિત્યની

ભોગની વસ્તુ નથી કારણ જાતિવાન પુરૂષ સંતાનની જરૂર સિવાય ભોગ કરતા નથી. સ્ત્રી પુરૂષને ભોગથી શરીરનો રાજા વીર્ય ક્ષય થાય છે. વીર્ય અમૂલ્ય વસ્તુ છે. એક મણ અનાજનું એક શેર લોહી થાય છે ને એક શેર લોહીનું સવા તોલો વીર્ય બને છે. તે આંખ, કાન, નાક બીજા અંગોપાંગ ને મગજમાં શક્તિ આપે છે. જે દંપતી વિષય સેવી વીર્ય (પુરૂષ તત્ત્વ) રજ (સ્ત્રી તત્ત્વ) નો નાશ કરે છે તે શરીરના શત્રુ છે. તે રોગોના શિકાર બની દુઃખી થઈ મરણ પામે છે. વહેલા વૃદ્ધ થાય છે. નબળા, માંદા ને મરી જઈ રોવરાવનાર તથા રોગી થઇ ઘણાં ખર્ચ કરાવી ભારભૂત થનાર સંતાનના માબાપ થાય છે. શરીર, સુખ અને સંતાન સુખનો નાશ કરે છે, તથા થોડું આયુષ્ય ભોગવી ધર્મરહિત પામર જીવો દુર્ગતિમાં ચાલ્યા જાય છે માટે કામ ભોગ ઉપર પુરેપુરો સંયમ રાખવો જોઇએ. પુરૂષે પચ્ચીશ વરસ અને સ્ત્રીએ સોળ વરસ પહેલા લગ્ન કરવાં તે કાચી કેરી ઘોળી રસ રોટલીના સ્વાદની

ઇચ્છા કરવા બરાબર છે. કારણ ત્યાં સુધી વીર્ય કાચુ હોય છે, પચ્ચીશ વરસે તે પાકે પણ હજુ અપૂર્ણ હોય છે. જે મનુષ્ય શરીર રક્ષાના નિયમ પ્રમાણે વર્તવા ચાહે તેણે સ્ત્રીએ પચ્ચીશ વરસ અને પુરૂષે ચાલીશ વરસ સુધી શુદ્ધ બ્રહ્મચર્ય પાળવું જોઇએ. આ ઉમ્મરે વીર્ય પૂર્ણ થાય છે. આવા માતા પિતા જ્યાં હોય છે ત્યાં દિવ્ય સંતાન થાય છે. એક સિંહને કરોડો ઘેટાંના બચ્ચાં જીતવા સમર્થ નથી તેમ બ્રહ્મચારી સુશીલ દંપતિની સંતાન સિંહ જેવી પરાક્રમી થાય છે. આવું એક વીર સંતાન જેટલું પોતાનું ને પરનું કલ્યાણ કરે છે તેટલું કલ્યાણ કરોડો વીર્યહીન સંતાન કરી શકતા નથી એટલુંજ નહિ પણ ઉલટું અહિત કરે છે.

જે દંપતિ ગર્ભકાળમાં મૈથુન કરે છે તે સંતાનની ઘાત કરે છે. કારણ સંતાન વિષયી થાય છે અને રોગી થઇ નાની વયમાં મરણ પામે છે. આજે બાળકોમાં કુટેવો દેખાય છે તથા ઘણાં બાળ મરણ થાય

છે તેનું મૂળ કારણ ગર્ભકાળમાં અસંયમ છે. માટે ગર્ભ રહ્યા બાદ ત્રણ વર્ષ શુદ્ધ બ્રહ્મચર્ય પાળે તેનાં સંતાન શ્રેષ્ટ થાય છે. એકવારના વિષય સેવનથી દશ દિવસનું આયુષ્ય ઘટે છે. આ પ્રમાણે શરીર શાસ્ત્ર-વાળા કહે છે. અહીં કોઇ શંકા કરે કે ઘણાં લોકો તો રોજ મૈથુન સેવી વધારે જીવે છે તે કેમ? તેનો ઉત્તર એજ કે, અપૂર્વ શાંતિ, આનંદ ને સુખમય જીવન હતું તે નાશ કરી દુઃખમય આયુષ્ય ભોગવે છે જેથી મરણ બરાબર છે. કોઇ ભોગી નિરોગી રહે તો એમ ન માનવું કે તેને હાનિ ન થઇ. તે માણસનું પુણ્ય અને શરીર તત્ત્વો બહુ મોટું કામ કરે તેવાં હતાં જે ઘસાઇ ગયાં. જેમ મોટી ઇમારત પડી જાય છતાં તેનાં લાકડાંના પાંચ દશ હજાર ઉપજે તેમ આણે લાખોનો નાશ કરી સેંકડોમાં આનંદ માન્યો છે તેમ સમજવું.

સમાપ્ત.

અગાઉ થયેલા ગ્રાહકોની નામાવલી.

નકલ

૨૦૦. રા. રા. ફૂલચંદ ટીકમજી-મુંબઇ.

૧૦૦. રા. રા. જગજીવન દયાળજી ,,

૧૦૦. રા. રા. હરિદાસ જગજીવન ,,

૧૦૦. શ્રીમતી દીવાળી બ્હેન ,,

આ ચાર વ્યક્તિઓનો અંતઃકરણથી આભાર માનવામાં આવે છે.

શ્રી જૈન સસ્તુ સાહિત્ય પ્રચારક કાર્યાલય કલોલ તા. ૧ માર્ચ ૧૯૨૮ થી ખુલ્લું મૂકાયું છે.

રૂ. ૨૫૦) આપનાર મુખ્ય આશ્રયદાતા, રૂ. ૧૦૦ ઉપરના માનવંતા સભાસદ અને વાર્ષિક પાંચ કે તેથી વધુ રકમ આપનાર વાર્ષિક મેમ્બર થઇ શકશે.

વર્તમાનના સાહિત્યના જમાનામાં જૈન સમાજ પોતાનું સાહિત્ય જેટલું ખીલવે તેટલું ઓછું છે, અને તે દરેક કરવા આ કાર્યાલયની ચોક્કસ ધારણા છે.

વધુ વિગત માટે 'કાર્યાલય'નાં ફોર્મ્સ મંગાવો.

કાર્યાલયને દરેક સમયે સહકાર આપશોજી.

તૈયાર છે-શ્રી તત્ત્વસંગ્રહ. આ. ૨ કીં. માત્ર છ આના.

લખો-શ્રી જૈન સસ્તુ સાહિત્ય પ્રચારક કાર્યાલય-કલોલ.

સત્ય વાક્યો !

૧ પૂર્વ સંસ્કારથી યા આ જન્મમાં દીર્ઘકાળના અભ્યાસ (સંસ્કાર–Calture) થીજ સર્વ વ્યાપ અથવા ઐશ્વર્ય પ્રગટે.

૨ ભાવનું જામવું–સ્થિર થવું તેજ ભાન (ભૂમિકા)

૩ સર્વ વ્યાપક ભાનમાં દેહી છતાં દેહની પરવાહ ?

૪ ઈર્ષ્યાળુ પોતાનું તો જરૂર ગુમાવે છે.

૫ પોતાની મક્કમતા જાળવી શકનારના અંતઃકરણમાં મક્કમતા ઈશ્વરને, ઐશ્વર્યને ખેંચી લાવે છે.

૬ નર કરણી કરે તો ' નર ' નો નારાયણ થાય.

૭ પુરૂષાર્થજ તારો દેવ છે.

૮ ઉત્કૃષ્ટ સત્સંગ મૌનથી થાય છે. મધ્યમ [illegible] ભાવોની આપ લે દ્વારા થાય છે. બાકી જે છે તે કનિષ્ઠ.

૯ સંકટજ મનુષ્યનાં હૃદયચક્ષુ ખોલે છે.
